શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૨૦
અંક : ૮

## આજે નહી તો કાલે એફપીઓ વિના નહી ચાલે

ખેડુતમિત્રો,

કૃષિપ્રધાન ભારતના જગતના તાતને વંદન..

આપણે જાણીએ છીએ કે ખેડુતના શિક્ષિત યુવાનો નોકરીની તલાશમાં છેલ્લા એક દશકાથી ગામડા છોડીને શહેરમાં સ્થળાંતર થઈ રહયા છે. જેનું મુખ્ય કારણ ખેત પેદાશોના અપૂરતા ભાવ, રાસાયણિક દવા અને ખાતરોના અનીચ્છનીય વપરાશના કારણે ખેતીમાં વધતા જતા ખર્ચા, ગ્રામ્ય સ્તરે વધુ પડતી અસુવિધાઓ અને સામાજિક માનસિકતા પણ છે. ગામડા તથા ખેડુતોને પાયમાલ થતા અટકાવી શકે અને સંગઠીત કરી શકે તેવો એકમાત્ર ઉપાય એટલે ફાર્મસ પ્રોડયુસર ઓર્ગેનાઈઝેશન છે. જેને એફપીઓના નામે આપણે ઓળખીએ છીએ ખેડુતો થકી ખેડુતો વડે તેમજ ખેડુતો દ્વારા ચાલતી કંપની એટલી એફપીઓ ...

એફપીઓનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડુતોમાં સામાજીક નેતૃત્વ, એકત્રિકરણ અને સામુહિકતાના ગુણો વિકસાવવાનો છે. આ સંગઠન ખેડુતોને વેપારી બનાવવાનુ શ્રેષ્ઠ માધ્યમ છે જેની આજે મુખ્ય જરૂરિયાત છે.

એફપીઓ એટલે ખેડુતોને પોતાની ખેતપેદાશો પોતાની મરજી મુજબ વેચવાનો લ્હાવો. આવનારા ૨–૩ વર્ષોમાં ખેડુતોએ એફપીઓ દ્વારા સંગઠીત થવું જ પડશે નહિતર પાયમાલ થતા કોઈ નહી બચાવી શકે નકકી સમજજો.

ખેડુતોને સભ્ય માલિકી ઉત્પાદક સંગઠનોમાં અથવા એફપીઓમાં એકત્રિત કરવાનો મુખ્ય હેતુ ઉત્પાદન, ઉત્પાદનક્ષમતા અને ખેડુતોની નફાકારકતા વધારવાનો છે. ખાસ કરીને નાના ખેડુતો અને પ્રતિભાગી ખેડુતોને તેમના સંદર્ભથી સબંધિત યોગ્ય પાક ઓળખવામાં આવશ્યક સહાયતા આપવામાં આવશે.

તો ચાલો સાથે મળીને એફપીઓના માધ્યમથી સંગઠિત બનીને આપણી જાત મહેનતથી તૈયાર થયેલા આપણા ગુણવતાયુકત ખેત ઉત્પાદનોનું મૂલ્યવર્ધન કરીને તેમજ સંતોષકારક વળતર મેળવીએ અને શહેરમાં વસેલા શિક્ષિત ખેડુતપુત્રો માટે ખેતીલક્ષી રોજગારીની તકો ઉભી કરીએ જેથી ગામડા, ખેતી અને ખેડુતો જીવંત બને.

*– બીપીન એમ. કુંજડીયા*

**ધીરજ એ આનંદની ચાવી છે અને ઉતાવળ એ શોકની ચાવી છે.**

**ખેતીપાકોમાં રોગ અને જીવાત ના ઉપદ્રવ સાથે હવામાનનો સબંધ વિષે જાણો**

ખેડુત મિત્રો ખેતી પાકોમાં જુદી જુદી જાતિના મોલો જીવાત નુકશાન કરતી જોવા મળે છે. આ દરેક જાતીના મોલોનો ઉપદ્રવ જે તે ઋતુમાં જ જોવા મળે છે. જેમ કે રીંગણી ભીંડા અને કપાસ જેવા પાકમાં નુકશાન કરતી પીળી મોલો ખાસ કરીને ઉચું તાપમાન અને ભેજવાળું વાતાવરણ હોય ત્યારે જોવા મળે છે. જયારે કોબીજ ફલાવર રાયડો અને પાપડીમાં નુકશાન કરતી લીલી અને કાળી મોલોનો ઉપદદ્રવ નીચું તાપમાન અને સૂકુ વાતાવરણ હોય ત્યારે જોવા મળે છે. રીંગણી કપાસ અને ભીંડાના પાકમાં પાનકથીરીથી થતું નુકશાન ખાસ કરીને ઉનાળુ ઋતુમાં અને ભાદરવા મહિનામાં ઉચું તાપમાન હોય ત્યારે જોવા મળે છે. આ જીવાતને ઠંડુ અને સૂકુ વાતાવરણ અનુકુળ ન હોવાથી તેનો ઉપદદ્રવ ખાસ કરીને શિયાળામાં જોવા મળતો નથી. કેટલાક ફળપાકો અને શાકભાજીના પાકોમાં નુકશાન કરતી ફળ માખીની હાજરી થોડાઘણા પ્રમાણમાં આખુ વરસ જોવા મળતી હોય છે. પરંતુ ઉનાળામાં જયારે તાપમાન ઉચું હોય ત્યારે તેનાથી થતું નુકશાન વધારે પડતુ જોવા મળે છે. સીતાફળ ના પાકમાં ફળ પર નુકશાન કરતી કીટકો (મીલીબગ) નામની જીવાતને સૂકુ વાતાવરણ વધારે અનુકૂળ આવતું હોવાથી તેનો ઉપદ્રવ સામાન્ય રીતે શિયાળામાં વધુ જોવા મળે છે. વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધતા થ્રીપ્સનું પ્રમાણ વધતુ જોવા મળે છે. કેટલીક જીવાતોના ઉપદ્રવ સાથે એકલું તાપમાન નહિ પરંતુ હવામાન અન્ય પરિબળો સાનુકૂળ જણાય ત્યારે તેની વસ્તી એકાએક વધી જતી હોય છે. ડાંગરના પાકમાં નુકશાન કરતા બદામી અને સફેદ પીઠવાળા ચૂસીયાની વસ્તી ઉચા તાપમાનની સાથે સાથે સાપેક્ષ ભેજનું પ્રમાણ વધારે હોય ત્યારે જ જોવા મળે છે. ચોમાસું ઋતુમાં ખેતી પાકોમાં નુકશાન કરતી કાતર અને ડોળ (ધૈણ/ મુંડા) નામની જીવાત શિયાળુ અને ઉનાળુ ઋતુમાં જમીનમાં સુષુપ્ત અવસ્થામાં હોય છે. ચોમાસુ ઋતુમાં પહેલો વરસાદ પૂરતા પ્રમાણમાં થતા વાતાવરણમાં અને જમીનમાં ભેજનું પ્રમાણ વધતા જમીનમાં કાતરની ફૂદી અને ડોળના ઢાલીયા મોટી સંખ્યાંમાં બહાર નીકળી આવે છે. કપાસના પાકમાં નુકશાન કરતી કીટકો (મીલીબગ) નાં કિસ્સામાં પણ આવુ જ છે. ચોમાસાનો વરસાદ થતા સૌપ્રથમ તેની હાજરી શેઢા પાળા પરના ઘાંસ/નીંદણ પર અને પછી ખેતરમાં ઉગાડેલ મુખ્ય પાકમાં જોવા મળે છે.

અગાઉ જણાવ્યું તેમ ખેતીપાકોમાં જોવા મળતા મોટા ભાગના રોગ હવામાનના અમુક ચોક્કસ પરિબળો પર વધારે આધાર રાખે છે. હવામાનના વિવિધ પરિબળો પૈકી સાપેક્ષ ભેજ

અને વાદળછાયું વાતાવરણ રોગોની તીવ્રતા સાથે વધુ ગાઢ રીતે સંકળાયેલ છે. બાજરીના પાકમાં કુતુલ અને સોયાબીન કોબીજ અને અન્ય પાકોમાં તળછારો રોગ સામાન્ય રીતે વધારે પડતા ભેજવાળા વાતાવરણમાં જોવા મળે છે. જુવારના ડુંડામાં દાણાની ફૂગ કમોસમી વરસાદ અને ભેજવાળા વાતાવરણમાં ઝડપથી ફેલાય છે. બાજરી અને ઘઉંના ગેરૂ માટે હુંફાળું અને ભેજવાળું વાતાવરણ અનુકૂળ આવે છે. ઘઉંના દાણા પર થતો કાળી ટપકીનો રોગ વધુ પડતા ઝાકળ અને ભેજવાળા વાતાવરણમાં જોવા મળે છે. તમાકુંનો લાલ ટપકાનો રોગ ઝાકળ વધારે પડે તેમ વધુ ફેલાય છે. ખેતી પાકોમાં જોવા મળતા ભૂકી છારાના રોગ માટે સૂકુ અને ઠંડુ વાતાવરણ અનુકૂળ આવે છે. જયારે શેરડીના ચાબુક આંજીયા માટે સૂકુ અને ગરમ હવામાન અનુકૂળ આવે છે. જીરૂના પાકમાં કાળીયો/ચરમી રોગ વાદળછાયા વાતાવરણમાં અને ધુમ્મસવાળા વાતાવરણમાં ઝડપથી ફેલાય છે. માવઠુ થાય તો જીરૂનો પાક સદંતર નિષ્ફળ જાય છે. વાતાવરણ વાદળછાયુ હોય ત્યારે અગમચેતીના પગલા રૂપે મેન્કોઝેબનો છંટકાવ કરવાની સલાહ આપવામાં આવે છે. ડાંગરના પાકમાં ફૂલ અવસ્થાએ સતત ઝરમર વરસાદ હોય ત્યારે અથવા તો વાદળછાયું ગરમ ભેજવાળું વાતાવરણ હોય ત્યારે કંટીમાં ગલત આંજીયાનો રોગ આવવાની શકયતા રહે છે. પવનની ગતી પણ કેટલાક રોગોના ફેલાવા માટે અગત્યનો ભાગ ભજવે છે. બાજરીના ગુંદરીયો (અરગટ) અને બીજા કેટલાક ફૂગજન્ય રોગમાં ફૂલના બીજાણું પવન મારફતે દૂર સુધી ફેલાય છે.

આમ, ઉપરોકત બાબત પરથી ફલીત થાય છે. કે પાકમાં નુકશાન કરતી જીવાતો અને રોગના વધ–ઘટ અને ફેલાવા માટે હવામાનના વિવિધ પરિબળો સંકળાયેલા છે. વૈશ્વિક તાપમાન (ગ્લોબલ વોર્મિંગ)ની કૃષિ પર અને તેમાંય ખાસ કરીને રોગ જીવાત પર થતી સંભવિત અસરો અંગે ઘણુ સાહિત્ય પ્રસિધ્ધ થઈ ચૂકયું છે. કૃષિમાં હવામાનની આવી અસરથી પ્રભાવિત થઈ કેન્દ્ર અને રાજય સરકાર પણ ચિંતીત છે. અગાઉ રાજય સરકાર દ્વારા કુદરતી આપતિ વખતે જે તે પાકમાં નુકશાનના આધારે પાક વીમાની રકમ ચૂકવવાની યોજના બનાવવાનું વિચારી રહી છે. હાલમાં આવી યોજના મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન અને આંધ્રપ્રદેશ રાજયમાં અમલમાં છે. નજીકના ભવિષ્યમાં ગુજરાત સરકાર પણ આ પ્રમાણે હવામાન આધારિત પાકવીમા યોજના અમલમાં મુકશે. આવા સંજોગોમાં હવામાનના વિવિધ પરિબળો વિષે ખેડુતોને પ્રાથમિક જાણકારી હોવી ખાસ ખુબ જ જરૂરી છે. જે આપણે રચેલા જુથોને ઉપયોગમાં લઈ શકીએ.

***– સંકલન : કિશન વાળા***

**જીંદગીમાં જીદ છે. જીવનમાં જીવ છે.**

## પ્રધાન મંત્રી ફસલ બીમા યોજના (પીએમએફબીવાય)

તમામ ઉદ્યોગો કે અકસ્માતો માટે લેવાતા વીમાની સામે કૃષિ ઉદ્યોગના વીમાની બાબત જટીલ હોય તેવુ સમજવામાં આવે છે. જેથી કૃષિ પાકોના જોખમો સામે વળતર મેળવવા વીમા કંપનીઓ સાથે રહી તેમના પ્રિમિયમ સંબંધી તેમજ વળતરના દાવાઓ સંબંધી જટિલતાને લઈ ખેડુતોમાં પરેશાની જોવા મળે છે. આ પરેશાનીઓને સમજવા માટે અને હાલની પ્રધાન મંત્રી ફસલ બીમા યોજનાની વિગતો પણ સમજવા અમરેલી, બાબરા અને ધારી તાલુકાના ખેડુતોની એક કાર્યશાળા યોજાઈ, જેમાં ખેતી સંબંધી બાબતો, જૈવ વિવિધતા અને પીએમએફબીવાયની વિસ્તૃત માહિતી શ્રી નરેન્દ્રભાઈ પોકીયા તથા પ્રવિણસિંહ સીસોદીયાએ આપી હતી. આ કાર્યશાળામાં યુનિવર્સલ ઈન્સ્યુરન્સ કંપનીના અધિકારીઓ શુભમ કાલરીયા તથા શ્રીરામ દાયમ એ પણ ભાગ લીધો હતો. નાયબ ખેતી નિયામકશ્રી ભાવેશભાઈ પીપળીયાએ ઉપસ્થિત ખેડુતોને પાક વીમા યોજનાની સંપૂર્ણ પ્રક્રિયા સમજાવતા જણાવ્યુ કે, આ યોજનામાં આઘુનિક ટેકનોલોજીનો ઉપયોગ થતો હોવાથી ખોટુ થવાની સંભાવના રહેતી નથી જેથી જે ખેડૂતોએ જે પાકનો વીમો લીધો હોય તે જ પાક દર્શાવે તે જરૂરી છે. તેમણે પોતાના વર્ષાવીમાના અનુભવ પણ કહયા હતા. આ પ્રસંગે ખેતી અધિકારી શ્રી વીશાલકુમાર બાબરીયાએ ઉપસ્થિત રહી વિષયને અનુરૂપ ખેડુતોને માર્ગદર્શન આપ્યું હતું.



**હાસ્ય એ સસ્તામાં સસ્તી દવા છે.**

## વાર્ષિક સાધારણ સભા ગીર ફાર્મ્સ પ્રોડયુસર કંપની લી.

તારીખ ૨૮/૦૮/૨૦૧૮ ના રોજ અમરેલી મુકામે ગીર ફાર્મ્સ પ્રોડયુસર કંપનીની વાર્ષિક સાધારણ સભા યોજવામાં આવી હતી. જેમાં ચેરમેન, સી.ઈ.ઓ. તથા સભાસદો હાજર રહયા હતા. તદુપરાંત શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના સંચાલક શ્રી ધીરૂભાઈ વાગડીયાની ઉપસ્થિતિમાં કાર્યક્રમને અનુરૂપ સંબોધન કર્યા બાદ કંપનીના સી.ઈ.ઓ.શ્રી બીપીનભાઈ કુંજડીયાએ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં કંપનીની વર્ષ ૨૦૧૭– ૨૦૧૮ દરમિયાન થયેલી બોર્ડ ઓફ ડીરેકટર્સ મીટીંગમાં લેવાયેલ અગત્યના નિર્ણયો અંગે ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ ભવિષ્યમાં કરવાની કામગીરી અંગેની શકયતાઓ અને નિયમાનુસાર કંપનીના ડીરેકટરોની નિમણૂક, સહભાગી સંસ્થાઓ સાથે જોડાવા માટે નિર્ણયો વગેરે બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી. તદુપરાંત ખેડુતોમાં જાગૃતિ આવે અને ખેડુતો સંગઠિત બની પોતાની મહેનતથી તૈયાર કરેલ ખેત પેદાશોનું મુલ્યવર્ધન કરીને યોગ્ય ભાવ મેળવતા થાય અને ખેતીમાં જરૂરી દવા,ખાતર,અને અન્ય બીયારણોને જથ્થામાં ખરીદીને ખેડુતોને વ્યાજબી ભાવે મળી રહે તે માટે કંપનીના એગ્રો સેન્ટર પરથી જ ખરીદી કરવા માટે હાકલ કરવામાં આવી. અંતે ચેરમેનશ્રીએ ઉપસ્થિત ખેડુત મિત્રોનો આભાર માની મીટીંગને પૂર્ણ જાહેર કરી હતી.



**કીટનાશકોની ઝેરી અસર સામે પ્રાથમિક સારવાર અને વિષનાશક ઉપાય**

વધુ ઉત્પાદન આપતી હાઈબ્રીડ/સુધારેલી જાતોની ખેતીમાં વધારો થતા પાક સંરક્ષણમાં કીટ નાશકોનો વપરાશ પણ વધ્યો. કીટ નિયંત્રણ માટે વપરાતા કીટનાશકો કીટકોનું નિયંત્રણ કરતા હોવા છતાં મનુષ્ય અને બીજા પ્રાણીઓ માટે પણ ખુબ જોખમી હોવાથી આવા કીટનાશકોના વપરાશ અને સંગ્રહ માટે યોગ્ય કાળજી ન રાખવામાં આવે તો કીટનાશકની ઝેરી અસરને લીધે વપરાશકર્તા મૃત્યુ પામે છે. આવા સંજોગોમાં કીટનાશકોની ઝેરી અસર સામે લેવાતી પ્રાથમિક સારવાર વિશેની માહિતીથી જાણકાર હોઈએ તો મનુષ્યને મત્યુના મુખમાં જતા બચાવી શકાય છે. કીટનાશકોની ઝેરી અસરના ચિન્હો જણાય કે તરત જ ડોકટર ને જાણ કરવી જોઈએ. ઝેરી અસર થવા માટે કારણભુત ઝેરી રસાયણ વિષે ડોકટરને માહિતગાર કરવા જોઈએ. જો ડોકટરને આવતા મોડુ થાય તો તરત જ ડોકટરી સારવાર ઉપલબ્ધ ન હોય તે વખતે દર્દીને પ્રાથમિક સારવાર આપવી જોઈએ.

આવશ્યક કાળજી ન રાખવામાં આવે તો કીટનાશક વિવિધ પ્રકારે માનવીના શરીરમાં દાખલ થઈ જાય છે. જેમકે ભુલથી દવા મોં વાટે ગળી જવાથી, શ્વાસમાં જવાથી, ચામડી પર પડવાથી કે આખમાં પડવાથી અથવા કીટનાશકનો સંગ્રહ બરાબર કરવામાં ન આવ્યો હોય તો અનાજ અથવા અન્ય ખાદ્ય સામગ્રીમાં ભળી જવાથી. આવી પરિસ્થિતિમાં નીચે જણાવેલ પ્રાથમિક સારવાર અપાવી જોઈએ.

(૧) કીટનાશક મોં વાટે ગયા હોય ત્યારે :

જો ઝેરી કીટનાશક મોં વાટે ગળી ગયા હોય તો તરત જ ઉલ્ટી કરાવી તેનું પેટ ખાલી કરાવી નાખવું જોઈએ. દર્દીને ઉલ્ટી કરાવવા માટે ગરમ પાણીમાં થોડુ મીઠુ ઓગાળી પીવડાવો અને જયાં સુધી ઉલ્ટીનુ પ્રવાહી ચોખ્ખુ ન આવે ત્યા સુધી આ પ્રમાણે ઉલ્ટી કરાવતા રહો. આ સિવાય દર્દીના ગળામાં આંગળી દાખલ કરવાથી અથવા તો ચમચાના બુઠા છેડાને ગળામાં દાખલ કરવાથી ઉલ્ટી થશે. જો ઉલ્ટી ચાલુ જ હોય તો દર્દીને કશુ જ ન આપતા વધારે ગરમ પાણી પીવડાવો. જો દર્દી મૂર્છામાં હોય અથવા બેભાન અવસ્થામાં હોય તો તેને આચકી (તાણ) આવતી હોય તો કદી પણ ઉલ્ટી કરાવવી નહી.

(૨) કીટનાશકની વાસથી ગુંગળાઈ જાય ત્યારે :

કોઈ વ્યકિત ગુંગળાઈને બેભાન થઈ જાય તો તેને ખુલ્લી હવામાં લાવીએ પણ ચલાવીને નહિ. દર્દીના કપડા ઢીલા કરવા અથવા તો કાઢી નાખવા. જો તેનો શ્વાસોશ્વાસ અનિયમિત ચાલતો હોય તો તેની છાતી પર વધુ પડતુ વજન ન આવે તે રીતે કુત્રિમ રીતે શ્વાસોશ્વાસ કરવો. દર્દીને શાંત વાતાવરણમાં રાખીએ અને તેના શરીરને ઠંડુ પડી જતા રોકવા માટે ગરમ ધાબળો ઓઢાડવો. જો દર્દીને આંચકી આવતી હોય તો અંધારા ઓરડામાં રાખીએ.

(૩) જો કીટનાશક ચામડી પર પડી હોય ત્યારે :

ઝેર આકસ્મિક રીતે ચામડી પર પડે ત્યારે તરત જ સાબુ અને પાણી વડે તે ભાગ બરાબર ધોઈ નાખવો અને ત્યારબાદ ચોખ્ખા પાણીથી ૨–૩ વખત ધોયા પછી કપડા વડે બરાબર સાફ કરો.

(૪) કિટનાશક આંખમાં પડી હોય ત્યારે :

ઝેરી કીટનાશક આંખમાં પડે તો પોપચા ઉઘાડા રાખી ધીમે પાણીની જાલક મારી આંખને બરાબર ધોવી,

ડોકટર ન આવે ત્યા સુધી આંખ ધોવાનુ ચાલુ રાખો.

વિષનાશક ઉપાય : ઝેરી અસર થવા માટેનાં કારણભૂત રસાયણની જાણકારી હોય તો તેની ઝેરી અસર નાબુદ કરવા માટેના વિષનાશક ઉપાય (એન્ટીડોટસ) કરવા જોઈએ.

સામાન્ય વિષનાશક ઉપાય : દર્દીને ઉલ્ટી કરાવી પેટમાંથી ઝેર કાઢી નાખ્યા પછી (યુનિવર્સલ એન્ટીડોટસ)નો ઉપયોગ કરવો. યુનિવર્સલ એન્ટીડોટ તૈયાર કરવા માટે અડધા ગ્લાસમાં હુંફાળું પાણી લઈ તેમાં બે ભાગ (૭ ગ્રામ) એન્ટીવેટેડ ચારકોલ ૧ ભાગ (૩.૫ ગ્રામ) ટેનીક એસીડ ઉમેરી પીવડાવવુ તે ઝેરને શોષી લેશે શિથિલ કરી દેશે.

આગળ જણાવ્યા પ્રમાણે દર્દીનું પેટ ઉલ્ટી કરાવી સંપૂર્ણ ખાલી કર્યા બાદ પાચનતંત્રને ઝેરની અસર ઓછી કરે તેવા નીચેના પદાર્થો પૈકી જે મળી શકે તેમ હોય તે આપો. (૧) હુફાળા પાણી સાથે મરઘી ઈંડાની સફેદી (૨) ૨૫૦ મી.લી. હુફાળા પાણીમાં ૪ થી ૮ ગ્રામ જીલેટીન (૩) માખણ (૪) ક્રીમ (મલાઈ) (૫) દૂધ (૬) છુંદેલા બટેટા (૭) લોટ અને પાણીનું મિશ્રણ, આ પદાર્થોને લીધે પાચનતંત્રની સપાટી સુવાળી રહેતા કીટનાશકની અસર ઘટે.

કેટલાક કીટનાશકો માટે ચોકકસ એન્ટીડોટસ :

હાલમાં જો કે કલોરીનેટેડ હાઈડ્રોકાર્બન જુથમાં મોટા ભાગના કીટનાશક કૃષિમાં વપરાશ પર પ્રતિબંધ મૂકેલ છે. તેમ છતાં ડાયકોફોલ અને ગામા બીએચી (લિન્ડેન) નો ઉપયોગ અમુક ખાસ કિસ્સામાં થાય છે. જો આ જૂથના કીટનાશક ભૂલથી મોંમા ગળી જવાય તો ઉલ્ટી કરી પેટ ખાલી કરાવવું, યુનિવર્સલ એન્ટીડોટ આપો. દર્દીને આચકી આવતી હોય તો નસમાં ડાયઝેપામ (૫.૧૦ મિલી ગ્રામ) અથવા ફીનોબાર્બીટોલ (૦.૭ ગ્રામ/દિવસ) અથવા પેન્ટા બાર્બીટોલ (૦.૨૫ થી ૦.૫ ગ્રામ/દિવસ) આપવું. દર્દીને ધ્રુજારી હોય તો તે માટે ૧૦% કેલ્શિયમ ગ્લુકોનેટનું ઈન્જેકશન નસમાં આપી શકાય.

ઓર્ગેનો ફોસ્ફેટસ જૂથના ઘણા કીટનાશકો ખેતીમાં જીવાતોના નિયંત્રણ માટે વપરાય છે. ભૂલથી આવા કીટનાશક ગળી જવાય તો મોમાં આંગળા નાખી ઉલ્ટી કરાવી ડોકટરની સલાહ મુજબ અટ્રોપાઈન સલ્ફેટ (૨ થી ૪ મિ.ગ્રામ) ગોળીઓ અથવા નસમાં ઈન્જેકશન આપવું દર્દીને ખેચ (તાણ) આવતી હોય તો ડાયઝેપામ ઈન્જેકશન સ્નાયુઓમાં આપી શકાય. કોલાઈન એસ્ટ્રેઝ અંતઃસ્ત્રાવ કામ કરતો બંધ થયો હોય તો તેને ફરી કાર્યરત કરવા માટે ટોક્ષોગોનીન (Toxogonin) ઈન્જેકશન આપી શકાય.

કાર્બામેટ જૂથના કીટનાશકોના કિસ્સામાં પણ અટ્રોપાઈન સલ્ફેટ (૧.૩ મી.ગ્રામ) ઈન્જેકશન આપવાની સલાહ આપવામાં આવે છે. ઝેરની તીવ્રતાને ધ્યાનમાં રાખી દર ૫ થી ૧૦ મિનીટનાં અંતરે આવા ઈન્જેકશન આપવામાં આવે છે. સિન્થેટીક પાયરેથ્રોઈડ જૂથના કીટનાશકોમાં ખાસ કોઈ સ્પેસીફિક એન્ટીડોઝની ભલામણ કરવામાં આવતી નથી. તેમ છતાં ફેનવલરેટ અને ડેલ્ટામેથ્રીન નામના સિન્થેટીક પાયરેથ્રોઈડ ઝેરી અસર હોય તો ડાયઝેપામનો ઉપયોગ થાય છે. જો કે આ એન્ટીડોઝ એલેથ્રીન અને પેર્મેથ્રીન સામે અસરકારક જણાયેલ નથી. તેને માટે ફીનોબાર્બીટોલનો ઉપયોગ થાય છે.

**નોંધ :** ઉપર જણાવેલ કોઈપણ એન્ટીડોઝ ડોકટરની સલાહ વગર આપવા હિતાવહ નથી.

***સંકલન : અશોક શેલાર***

***સંદર્ભ : આણંદ કૃષિ યુનિવસીટી, આણંદ.***

***નિષ્ઠાપૂર્વક કામ કરો, નામ તમારી પાછળ દોડતું આવશે.***

**Happy Birthday**

Bharat Vala 20.09.1985

**In this month**

05 School Management Commitee members fedaretion meeting at Babara

20 Start LEP in Charkha (Babra)

24 Workshop on critical sucseess factor for FPO organise by National Commodity & Derivatives Exchange Limited Invester (client) Protaction Fund Trust NCDEX IPFT and Institute of Rural Management IRMA Anand.

27 Master trainer training of survey at Adalaj organised by Pratham.

27 Refresher training and Discussion on Self Assessment for PU Manager, arranging by cottan connect at CCSA Ahmedabad office.

28 Anual general meeting of Gir farms Producer Company Ltd. at register office Amreli.

28 Farmers Worksop on Pradhan Manrti Fasal Bima Yojan organised by Shikshan Ane Samaj Kalyan Kendra.

28 PIMC meeting for FPO Dhari

ભૂરાને પેપરમાં 0 આવ્યા.....
**ગુસ્સામાં પપ્પા :** આ શું છે...?
**ભુરો :** ટીચર પાસે સ્ટાર પુરા થઈ ગયા
એટલે મુન આપ્યો.......

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2018-20**
**Valid Upto 31/12/2020**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**બીજાની ખામીમાં રસ લેવો એ જ આપણી ખામી છે.**